


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 124
Dt.: 13-01-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa


# ISROનું મિશન ફેલ: ત્રીજા સ્ટેજમાં રસ્તો ભટકી ગયો અન્વેષા સેટેલાઈટ

## ત્રીજા સ્ટેજ બાદ રોકેટે દિશા બદલી નાખતાં ચોથું સ્ટેજ શરૂ જ ન થઈ શક્યું, જેના કારણે સેટેલાઈટ સેપરેટ ન થયું



(સંપૂર્ણ સમાચાર સેવા)શ્રીહરિકોટા

આજે ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ને સોમવારનો દિવસ ભારતના અંતરિક્ષ કાર્યક્રમ માટે એક ખૂબ જ મહત્વનો દિવસ હતો. ઈસરો (ISRO)એ શ્રીહરિકોટાથી PSLV-C62 રોકેટ છોડ્યું – આ હતું ૨૦૨૬નું પહેલું અંતરિક્ષ મિશન! રોકેટે સવારે ૧૦:૧૮ વાગ્યે આકાશમાં ઉડાન ભરી હતી. શરૂઆતના ત્રણ સ્ટેજ બિલકુલ સરસ ચાલ્યા. દરેક વ્યક્તિના ચહેરા પર ખુશી હતી, તાળીઓનો અવાજ ગુંજી રહ્યો હતો. આ મિશનમાં સૌથી મોટો સેટેલાઈટ હતો અન્વેષા (EOS-N1) – જે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા બનાવેલો અત્યંત અદ્યતન હાઈપરસ્પેક્ટ્રલ સેટેલાઈટ હતો. આ સેટેલાઈટની ખાસિયત વિશે વાત કરીએ તો પૃથ્વી પરની નાનીમાં નાની વસ્તુઓ પણ સ્પષ્ટ જોઈ શકે તેવી તેની ક્ષમતા હતી.

આ ઉપરાંત રોકેટમાં અન્વેષા (EOS-N1)ની સાથે-સાથે ૧૫ અન્ય નાના-મોટા સેટેલાઈટ પણ હતા. ત્રીજા સ્ટેજ સુધી બધું જ બરાબર ચાલી રહ્યું હતું, પણ અચાનક ત્રીજા સ્ટેજ (PS3)ના અંતે કંઈક ગડબડ થઈ. રોકેટનો રસ્તો બદલાઈ ગયો, દિશા ખોરવાઈ ગઈ અને મિશન કંટ્રોલ રૂમમાં ચુપ્પી છવાઈ ગઈ. દુઃખની વાત એ છે કે સેટેલાઈટને યોગ્ય ઓર્બિટમાં મૂકી શકાયા નહીં. અન્વેષા અને બાકીના બધા સેટેલાઈટને નુકસાન થયું. એટલે કે અન્વેષા સેટેલાઈટનું લોન્ચિંગ ફેલ થઈ ગયું છે.

અન્વેષા સેટેલાઈટનું લોન્ચિંગ ફેલ થયા બાદ ઈસરોના ચીફનું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, "ત્રીજા સ્ટેજ સુધી બધું નોર્મલ ચાલ્યું હતું, પરંતુ અચાનક દિશામાં બદલાઈ ગઈ. અમે હાલ બધા ડેટાનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરી રહ્યા છીએ. જે પણ અપડેટ આવશે તે આપને જણાવીશું."

### કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી જવાબ માંગતી સુપ્રીમ

# SC અને ST અનામતમાં ક્રીમી લેયરને લાભ ના મળવો જોઈએ?

## અરજદારો ઈચ્છે છે કે, સમૃદ્ધ લોકોને અનામતનો લાભ ના મળવો જોઈએ, અને સુપ્રીમ કોર્ટે આવું કરવા માટે જરૂરી નિર્દેશો આપવા જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટેની અનામતમાંથી ક્રીમી લેયરને બાકાત કરવાની માંગણી કરતી અરજી દાખલ કરીને કેન્દ્ર સરકાર તેમજ દેશના વિભિન્ન રાજ્ય સરકારોને નોટિસ ફટકારીને જવાબ રજૂ કરવા જણાવ્યુ છે. આજે સોમવારે, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ ફટકારી છે. સુપ્રીમ કોર્ટમાં કરાયેલ અરજીમાં એવી રજૂઆત કરાઈ છે કે, ક્રીમી લેયરને અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટેની અનામતનો લાભ ના મળે. સુપ્રીમ કોર્ટે આ અરજી સંદર્ભે કેન્દ્ર અને રાજ્ય સરકારોને નિર્દેશો જાહેર કર્યા છે. સુપ્રીમ કોર્ટે ચાર અઠવાડિયામાં આ અરજી સંદર્ભે જવાબ માંગ્યો છે.



આ બાબતે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે અરજી દાખલ કરીને તેના પર સુનાવણી કરવા સંમતિ આપી અને SC અને ST અનામતમાં પણ 'ક્રીમી લેયર' લાગુ કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો નિર્ણય લીધો છે. અરજદારે દાવો કર્યો હતો કે, અનામતનો લાભ મોટાભાગે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના શ્રીમંત અને વિશેષાધિકૃત વર્ગો મેળવી રહ્યા છે, જ્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ગરીબો પાછળ રહી ગયા છે.

૧ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ, પોતાના ૨૦ વર્ષ જૂના નિર્ણયને ઉથલાવીને, સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે, રાજ્ય સરકારો અનુસૂચિત જાતિ ક્વોટામાં પેટા-શ્રેણીઓ બનાવી શકે છે. બેન્ચે જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિઓને તેમની જાતિના આધારે વિભાજીત કરવાથી બંધારણની કલમ ૩૪૧નું ઉલ્લંઘન થતું નથી. સાત ન્યાયાધીશોની બેન્ચના ભાગ રહેલા ન્યાયાધીશ બી.આર. ગવઈએ જણાવ્યું હતું કે, રાજ્યોએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ જૂથોમાં ક્રીમી લેયરને ઓળખવા અને તેમને અનામત લાભોથી વંચિત રાખવા માટે નીતિ પણ બનાવવી જોઈએ. જોકે, ૯ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ, કેન્દ્ર સરકારે જાહેરાત કરી હતી કે તે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અનામતમાં ક્રીમી લેયરનો ખ્યાલ લાગુ કરશે નહીં.

કેબિનેટ બેઠક બાદ, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, NDA સરકાર બીઆર આંબેડકર દ્વારા બનાવવામાં આવેલા બંધારણથી બંધાયેલી છે, જેમાં જીઝ અને ST ક્વોટામાં ક્રીમી લેયર માટે કોઈ જોગવાઈ નથી.

# જમ્મુ કાશ્મીરના અનેક વિસ્તારમાં દેખાયા ડ્રોન: પાકિસ્તાન તરફથી આવ્યા હોવાનો દાવો

## અધિકારીઓના જણાવ્યા અનુસાર તમામ ઊડતી વસ્તુઓ સીમા પારથી ભારતના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પાકિસ્તાને ફરીથી નાપાક હરકત કરી છે. રવિવારે સાંજે જમ્મુ અને કાશ્મીરના સાંબા, રાજૌરી અને પૂંછ જિલ્લામાં શંકાસ્પદ ડ્રોન હિલચાલ જોવા મળી. સુરક્ષા દળોએ ઘટનાની ગંભીર નોંધ લીધા બાદ કહ્યું હતું કે ઉડતી વસ્તુઓ પાકિસ્તાન બાજુથી આવી હતી, થોડી મિનિટો રહ્યા બાદ તે ભારતીય સીમામાંથી પરત ફરી ગઈ હતી. હાલ ભારતીય સુરક્ષા દળો દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ, રાજૌરીમાં નિયંત્રણ રેખા નજીક નૌશેરા સેક્ટરની સુરક્ષા કરી રહેલા ભારતીય સેનાના જવાનોએ સાંજે લગભગ ૬.૩૫ વાગ્યે ગણિયા-કલસિયન ગામ ઉપર ડ્રોનની ગતિવિધિ જોઈ હતી, જે બાદ મધ્યમ અને હળવા મશીનગનથી ગોળીબાર પણ કર્યો હતો. સાંજે ૭:૧૫ વાગ્યે સાંબાના રામગઢ સેક્ટરમાં ચક બબ્રાલ ગામ પર પણ ફલેશિંગ લાઈટ્સ સાથે ડ્રોન જેવી વસ્તુ ઘણી મિનિટો સુધી ફરતી જોવા મળી હતી. તો બીજી તરફ ૬:૨૫ વાગ્યે પૂંછ જિલ્લામાં નિયંત્રણ રેખા નજીક માનકોટ સેક્ટરમાં ટોપા તરફ તૈન બાજુથી ડ્રોન જેવી ઊડતી વસ્તુઓ દેખાઈ હતી.અધિકારીઓના જણાવ્યા અનુસાર તમામ ઊડતી વસ્તુઓ સીમા પરથી ભારતના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશી હતી. થોડા સમય માટે સંવેદનશીલ જગ્યાઓ પર મંડરાતી હતી બાદમાં પાકિસ્તાન તરફ ચાલી ગઈ, આશંકા છે કે ડ્રોનના માધ્યમથી હથિયાર કે પ્રતિબંધિત સામાન ભારતની સીમામાં નાખવાની કોશિશ હોય, ઓછામાં ઓછી ૫ ડ્રોન ગતિવિધિ જોવા મળી છે જેથી મોટા પાયે સર્ચ અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે.આ ઘટના એવા સમયે ઘટી છે જ્યારે થોડા દિવસ પહેલા જ સાંબાં જિલ્લાના પાલુરા ગામમાં આતંરરાષ્ટ્રીય સરહદ નજીક હથિયારોની ખેપ કબજે કરવામાં આવી હતી. અધિકારીઓનો દાવો છે કે આ ખેપ પાકિસ્તાની ડ્રોન દ્વારા હવામાંથી નીચે ફેંકવામાં આવી હતી. જેમાં બે પિસ્તોલ, ત્રણ મેગઝીન, ૧૬ રાઉન્ડ કારતૂસ અને એક ગ્રેનેડ હતો.

# ભારત જેવું કોઈ નથી, પીએમ મોદી-ટ્રમ્પની મિત્રતા વાસ્તવિક છે: અમેરિકાના રાજદૂતે ટ્રેડ ડીલ પર આપી જાણકારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતમાં અમેરિકી રાજદૂતનું પદ સંભાળ્યા બાદ સર્જિયો ગોરએ ભારત-અમેરિકાની રણનીતિક ભાગીદારીને લઈને મોટું નિવેદન આપ્યું છે. આ સિવાય તેમણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મિત્રતાનો પણ ઉલ્લેખ કર્યો છે. સર્જિયો ગોરે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પ્રધાનમંત્રી મોદીની મિત્રતાનો ઉલ્લેખ કરતા કહ્યું કે ટ્રમ્પ અને મોદીની મિત્રતા રિયલ છે. ગોરે પીએમ મોદીને ટ્રમ્પના 'Dear Friend' ગણાવ્યા અને કહ્યું કે બંને નેતાઓ વચ્ચે આપસી વિશ્વાસ અને સન્માન છે. તેમણે કહ્યું કે અમેરિકાના નેતૃત્વવાળી નવી વૈશ્વિક પહેલ પેક્સસિલિકા (Pax Silica) માં ભારતને પૂર્ણ સભ્યના રૂપમાં સામેલ થવા માટે આગામી મહિને આમંત્રિત કરવામાં આવશે. આ જાહેરાત બંને દેશો વચ્ચે તકનીક, સપ્લાય ચેન અને રણનીતિક સહયોગની દ્રષ્ટિએ મહત્વનો માનવામાં આવી રહ્યો છે.

સર્જિયો ગોરે જણાવ્યું કે પેક્સિલિકા અમેરિકા દ્વારા પાછલા મહિને શરૂ કરવામાં આવેલી એક રણનીતિક પહેલ છે. તેનો ઉદ્દેશ્ય મહત્વપૂર્ણ ખનિજો, ઉર્જા, ઈનપુટ, એડવાન્સ મેન્યુફેક્ચરિંગ અને લોજિસ્ટિક્સ સાથે જોડાયેલી એક સુરક્ષિત, સમૃદ્ધ અને ઈનોવેશન-આધારિત સિલિકોન સપ્લાય ચેન તૈયાર કરવાની છે. તેમણે જણાવ્યું કે આ પહેલલમાં પહેલા જ જાપાન, દક્ષિણ કોરિયા, યુનાઈટેડ કિંગડમ અને ઈઝરાયલ સામેલ થઈ ગયા છે અને હવે ભારતને પણ આ સમૂહમાં પૂર્ણ સભ્ય બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી રહી છે.ભારત-અમેરિકા ટ્રેડ ડીલને લઈને સર્જિયો ગોરે કહ્યુ કે બંને દેશો વચ્ચે આ વિષય પર સતત વાતચીત ચાલી રહી છે. તેમણે કહ્યું કે બંને પક્ષ આ ડીલને અંતિમ રૂપ આપવા માટે દ્રઢ સંકલ્પિત છે અને આગામી ઔપચારિક વાતચીત કાલે થવાની છે. રાજદૂત ગોરે ભારતની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું- નમસ્તે અહીં હોવું એક મહાન અનુભવ છે. ભારત અને અમેરિકાની ભાગીદારીને આગામી સ્તરે લઈ જવું અમારૂ લક્ષ્ય છે.

### એક અઠવાડિયામાં બીજી વખત થયા બેભાન

# પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની તબિયત બગડી

## ધનખડને સોમવારે નવી દિલ્હી ખાતે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન (AIIMS) માં દાખલ કરવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને સોમવારે નવી દિલ્હી ખાતે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન (AIIMS) માં દાખલ કરવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર તેઓ ગત અઠવાડિયે બે વખત બેહોશ થયા હતા, ત્યારબાદ ડૉક્ટર તેમની સ્થિતિ ધ્યાને રાખીને હોસ્પિટલમાં દાખલ કરીને MRI સહિત અન્ય તપાસ કરાવવા માટેની ભલામણ કરી હતી.



૧૦ જાન્યુઆરીએ ધનખડ વોશરૂમ જતા સમયે બે વખત બેહોશ થઈ ગયા હતા. સોમવારે તેઓ નિયમિત તપાસ કરાવવા માટે એઈમ્સ પહોંચ્યા હતા, જો કે ડૉક્ટરે સ્થિતિને જોતા તત્કાલ દાખલ કરવાનો નિર્ણય લીધો હતો. આ પહેલીવાર નથી જ્યારે ધનખડને જાહેર જીવનમાં આવી સમસ્યાનો સામનો કરવો પડ્યો હોય. ઉપરાષ્ટ્રપતિ રહેવા દરમિયાન પણ તેઓ કચ્છના રણ, ઉત્તરાખંડ, કેરળ અને દિલ્હીમાં અનેક વખત જાહેર કાર્યક્રમો દરમિયાન અસ્વસ્થ થઈને બેહોશ થઈ ચૂક્યા છે.

ઉલ્લેખનીય છે કે, જગદીપ ધનખડે ગત્ત વર્ષે ૨૧ જુલાઈના રોજ પોતાની ખરાબ તબિયતનો હવાલો ટાંકતા ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે પોતાના રાજીનામા અંગે સ્પષ્ટતા કરી હતી કે, હવે તેમની પ્રાથમિકતા સ્વાસ્થ છે અને તેઓ ડોક્ટરની સલાહનું ગંભીરતાથી પાલન થઈ શકે તે માટે તત્કાલ પ્રભાવથી પોતાની જવાબદારી છોડી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મોકલેલા પોતાના રાજીનામા અને અધિકારીક પત્રમાં ધનખડે ઉલ્લેખ કર્યો હતો કે, 'સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા તથા ડોક્ટર્સની સલાહનું પાલન કરવા માટે હું સંવિધાનના અનુચ્છેદ ૬૭(એ) અંતર્ગત ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પરથી મારુ રાજીનામું આપું છું.'

### કનેક્ટિવિટી થશે સુપરફાસ્ટ

# ભારતમાં લોન્ચ પહેલા સ્ટારલિંકને મળી મોટી મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકન અબજોપતિ એલોન મસ્કની કંપની સ્ટારલિંક, ભારતમાં તેની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા શરૂ કરવાની તૈયારી કરી રહી છે. કંપનીને એક મોટી મંજૂરી મળી છે, જેનાથી તે તેના નેટવર્કમાં ઉપગ્રહોની સંખ્યા બમણી કરી શકશે. યુએસ ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશન (FCC) એ ૭,૫૦૦ સેકન્ડ જનરેશનના ઉપગ્રહો તૈનાત કરવાની કંપનીની વિનંતીને મંજૂરી આપી છે. આનાથી કંપનીના નેટવર્કમાં ઉપગ્રહોની કુલ સંખ્યા ૧૫,૦૦૦ થશે. FCC એ કંપનીને ઉપગ્રહોની સંખ્યા વધારવા માટે માત્ર લીલી ઝંડી જ નથી આપી, પરંતુ તે પાંચ ફ્રીક્વન્સીઝ અને તરંગો પર પણ કાર્ય કરી શકશે જે અગાઉ પ્રતિબંધિત હતા. FCC ચીફ બ્રેન્ડન કારે જણાવ્યું હતું કે આ મંજૂરી ન્યૂ જનરેશન સેવાઓ માટે ગેમ-ચેન્જર હશે. નવા ઉપગ્રહો કંપનીને શ્રેષ્ઠ ઉપગ્રહ બ્રોડબેન્ડ ક્ષમતાઓ પ્રદાન કરવામાં સક્ષમ બનાવશે. મસ્કની કંપની કુલ ૩૦,૦૦૦ ઉપગ્રહો લોન્ચ કરવાની યોજના ધરાવે છે, જેમાંથી તેને ૧૫,૦૦૦ માટે મંજૂરી મળી ગઈ છે. FCC ની જરૂરિયાતો અનુસાર, કંપની પાસે ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં તેના સેકન્ડ જનરેશન ઉપગ્રહોમાંથી અડધા કાર્યરત હોવા જોઈએ, અને બાકીના ઉપગ્રહોને તૈનાત કરવા માટે ડિસેમ્બર ૨૦૩૧ સુધીનો સમય હોવો જોઈએ. સ્ટારલિંકને ભારતમાં તેની સેવા શરૂ કરવા માટે કામચલાઉ લાઈસન્સ મળ્યું છે, અને ટ્રાયલ ચાલી રહી છે. હવે, કંપનીને નવા ઉપગ્રહો લોન્ચ કરવાની મંજૂરી મળી ગઈ છે જે કનેક્ટિવિટીને મોટો વેગ આપશે અને ભારત સહિત વિશ્વભરના તમામ દેશોને લાભ આપશે જ્યાં સ્ટારલિંક સેવાઓ ઉપલબ્ધ છે. સ્ટારલિંકની વરિષ્ઠ ટીમ ભારત સરકાર સાથે ચર્ચા કરી રહી છે અને એવી અપેક્ષા છે કે આગામી થોડા મહિનામાં સ્ટારલિંકની ઉપગ્રહ સેવા ભારતમાં શરૂ થશે.

સ્ટારલિંકના શું ફાયદા થશે ?

ગ્રામીણ, પહાડી અને સરહદી વિસ્તારોમાં પણ ઝડપી ઈન્ટરનેટ ઉપલબ્ધ થશે.

જિયો કે એરટેલ નેટવર્ક ન હોય તો પણ કનેક્ટિવિટી શક્ય છે.

વિદ્યાર્થીઓ ઓનલાઈન વર્ગોમાં હાજરી આપી શકશે.

ટેલિમેડિસિન દ્વારા દૂરથી ડૉક્ટરની સલાહ ઉપલબ્ધ થશે.

ડિજિટલાઈઝેશનને પ્રોત્સાહન મળશે - પંચાયત, શાળા, સ્થાનિક વ્યવસાયો જોડાયેલા રહેશે.

આપત્તિઓ (પૂર, ભૂકંપ) દરમિયાન પણ ઈન્ટરનેટ ઉપલબ્ધ રહેશે.

સ્ટારલિંક એક ઉપગ્રહ-આધારિત ઈન્ટરનેટ સેવા છે જે પૃથ્વીના નીચલા ભ્રમણકક્ષા (LEO) માં પરિભ્રમણ કરતા હજારો નાના ઉપગ્રહો દ્વારા ઈન્ટરનેટ સેવા પૂરી પાડે છે. તેનો હેતુ એવા સ્થળોએ ઈન્ટરનેટ પ્રદાન કરવાનો છે જ્યાં પરંપરાગત નેટવર્ક નિષ્ફળ ગયા છે.




# તંત્રી લેખ......

## વાયુ પ્રદૂષણ સામે લડવા માટે, રાજ્યોએ આખું વર્ષ સક્રિય રહેવાનો નિર્ણય લીધો

દિલ્હી અને એનસીઆરના તમામ રાજ્યોએ વાયુ પ્રદૂષણનો સામનો કરવા માટે આખું વર્ષ સક્રિય રહેવાનો નિર્ણય લીધો છે તે આવકાર્ય છે. આનાથી સકારાત્મક પરિણામો મળવા જોઈએ, પરંતુ આ ત્યારે જ શક્ય બનશે જો દિલ્હી અને દ્વઝઇ ના રાજ્યો વર્ષભર વાયુ પ્રદૂષણને કાબુમાં લેવા માટે ખરેખર પ્રયાસ કરે. આ જરૂરિયાતને હજુ સુધી કેમ ઓળખવામાં આવી નથી તે સમજવું મુશ્કેલ છે.

હાલની પરિસ્થિતિ એવી છે કે જ્યારે વાયુ પ્રદૂષણ વધે છે, ત્યારે વ્યક્તિગત રાજ્યો પોતાના સ્તરે તેને સંબોધવા માટે પગલાં લે છે. આ કાર્યવાહી બિનઅસરકારક રહે છે. એ કોઈ રહસ્ય નથી કે દિલ્હી અને એનસીઆર હાલમાં વાયુ પ્રદૂષણથી પીડાય છે, અને તેનો સામનો કરવા માટે જે પણ પગલાં લેવામાં આવી રહ્યા છે તે અપૂરતા સાબિત થઈ રહ્યા છે. વાયુ પ્રદૂષણની ગંભીર પરિસ્થિતિ વચ્ચે, દિલ્હી અને એનસીઆર રાજ્યોએ હવાની ગુણવત્તાનું સંચાલન કરવા માટે વર્ષભર પ્રદૂષણ વિરોધી પગલાં પર કામ કરવા માટે કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલય અને વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન આયોગને તેમની યોજના સુપરત કરી છે. આ યોજના હેઠળ, બધા રાજ્યો ૧૫ જાન્યુઆરીથી વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે કામ શરૂ કરશે, જે આખું વર્ષ ચાલુ રહેશે.

સારા સમાચાર એ છે કે આ પ્રયાસોની દર મહિને સમીક્ષા કરવામાં આવશે. આ બધું હોવા છતાં, પ્રશ્ન એ રહે છે કે શા માટે ફક્ત દિલ્હી અને તેના પડોશી રાજ્યો વાયુ પ્રદૂષણને સંબોધવા માટે આગળ આવી રહ્યા છે? આ એક એવી બાબત છે જે દરેક રાજ્ય અને ખાસ કરીને ઉત્તર ભારતના બધા રાજ્યોએ કરવી જોઈએ.

વાયુ પ્રદૂષણ હવે ફક્ત દિલ્હી-એનસીઆર પૂરતી જ મર્યાદિત નથી, ભલે તેની વારંવાર ચર્ચા થાય છે. સત્ય એ છે કે ઉત્તર ભારતના લગભગ બધા રાજ્યો શિયાળા દરમિયાન વાયુ પ્રદૂષણનો અનુભવ કરી રહ્યા છે. આ જ કારણ છે કે ભારત હવે સૌથી વધુ વાયુ પ્રદૂષણ ધરાવતા દેશોમાંનો એક માનવામાં આવે છે. કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રાલય માટે બધા રાજ્યોને વર્ષભર વાયુ પ્રદૂષણ નિયંત્રણ યોજના પર કામ કરવા વિનંતી કરવી યોગ્ય રહેશે. હાલમાં, એ કહેવું મુશ્કેલ છે કે દિલ્હી અને એનસીઆર રાજ્યો દ્વારા વાયુ પ્રદૂષણ સામે લડવા માટે કરવામાં આવેલા ૧૨ મહિનાના પ્રયાસોના પરિણામો ક્યારે દેખાશે. જો કે, એ સમજવું જોઈએ કે વાયુ પ્રદૂષણ ત્યારે જ નાબૂદ થશે જ્યારે સામાન્ય જનતા તેનાથી વાકેફ હશે અને યોગદાન આપવા તૈયાર હશે. લોકોએ તેમના પ્રતિનિધિઓ પર જીવલેણ વાયુ પ્રદૂષણના મુદ્દાને ગંભીરતાથી લેવા દબાણ કરવું જોઈએ. તેમણે મ્યુનિસિપલ સંસ્થાઓ પર પણ દબાણ કરવું જોઈએ, જે વાયુ પ્રદૂષણના સ્થાનિક કારણોને સંબોધવામાં નિષ્ફળ રહી છે.

જર્મન ઉદ્યોગોના રોકાણોને વધુ સુવિધાપૂર્ણ બનાવવા હેલ્પ ડેસ્ક શરૂ કરવાના મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે જર્મનીના સ્ટેટ સેક્રેટરી શ્રીયુત સ્ટીફન રૂએન હોફના નેતૃત્વના જર્મન બિઝનેસ ડેલીગેશનની ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે જર્મનીના સ્ટેટ સેક્રેટરી શ્રીયુત સ્ટીફન રૂએન હોફના નેતૃત્વમાં જર્મની બિઝનેસ ડેલીગેશને ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ ડેલિગેશન ભારત-જર્મન સી.ઈ.ઓ. ફોરમમાં સહભાગી થવા ભારત-ગુજરાતની મુલાકાતે આવેલું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને જર્મન ચાન્સેલર શ્રીયુત ફ્રેડરિક મર્ઝની ઉપસ્થિતિમાં યોજાયેલા સી.ઈ.ઓ. ફોરમની સફળતા માટે આ ડેલિગેશનને અભિનંદન પાઠવવા સાથે ગુજરાતમાં આવકાર્યા હતા.

આ ડેલિગેશનના સભ્યોએ ગુજરાત દેશના જીડીપી ગ્રોથમાં ૮ ટકાથી વધુનું જે મહત્વનું યોગદાન આપે છે તેનાથી પ્રભાવિત થતા કહ્યું કે, તેઓ ખાસ કરીને એસ.એમ.ઈ. સેક્ટરમાં બિઝનેસ એન્ડ ઈકોનોમી સંબંધો વધારવા ઉત્સુક છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં હવે દેશના રાજ્યો ગ્રોથ રેટ વધારવા આગળ વધ્યા છે તેની ભૂમિકા આપી હતી. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, જર્મનીના ઉદ્યોગોએ ગુજરાત પર જે ભરોસો મૂક્યો છે તેને વધુ સંગીન બનાવીને પરસ્પર સહયોગથી આપણે વધુ પ્રગતિ સાધી શકીશું.

તેમણે આ બેઠકની ચર્ચાઓ દરમિયાન જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી જર્મની સાથે વિશ્વાસુ મિત્ર તરીકે આગળ વધવા માગે છે તે સંજોગોમાં ગુજરાત અને જર્મનીના ઔદ્યોગિક સંબધોને વધુ ઉંડાણ પૂર્વકના અને લાંબાગાળા માટે વિકસાવીને ગુજરાતમાં જર્મન કંપનીઓના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વધુ વેગ મળે તેવી અમારી નેમ છે. મુખ્યમંત્રીશ્રીએ જર્મન ઉદ્યોગોના રોકાણોને વધુ સુવિધાપૂર્ણ બનાવવા હેલ્પ ડેસ્ક શરૂ કરવાના દિશાનિર્દેશ પણ આ બેઠકમાં આપ્યા હતા.

જર્મન સ્ટેટ સેક્રેટરી શ્રીયુત સ્ટીફન રૂએન હોફે ચર્ચા દરમિયાન જણાવ્યું કે, જર્મની પોતાની સપ્લાય ચેઈન ડાયવર્સીફાઈ કરવા ઈચ્છે છે તેમાં ગુજરાત તેમની પસંદ બને તે માટે લોજિસ્ટિક્સ, પ્રોડક્શન સ્ટ્રક્ચર અને ઈકોનોમિક ફ્રેમ વર્કમાં જે ચેલેન્જીસ છે તે રીઝોલ્વ થાય તેવી





**ભારતના જી.ડી.પી. ગ્રોથમાં ગુજરાતના ૮ ટકાથી વધુના મહત્વપૂર્ણ યોગદાનથી પ્રભાવિત થતું ડેલીગેશન પરસ્પર સહભાગીતાથી ગ્રોથ રેટને વધુ ઉંચાઈએ લઈ જવાની નેમ વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રી**

તેમની અપેક્ષા છે.

તેમણે ઉમેર્યુ કે, ગુજરાત એનર્જી સેક્ટરમાં અગ્રેસર છે તેમાં રિન્યુઅલ એનર્જીમાં ગ્રીડ અને સ્ટોરેજની જર્મન ટેકનોલોજીની એક્સપર્ટીઝનો સહયોગ મળી શકે તેમ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારત ૨૦૪૭નું જે વિઝન આપ્યું છે તેમાં ગુજરાત લિડ લેવા સક્ષ્ છે. ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ગીગા વોટ રિન્યુએબલ એનર્જી ઉત્પાદનના લક્ષ્ય સાથો સાથ વિકસિત ગુજરાત જ ૨૦૪૭નો રોડમેપ તૈયાર કરીને ૬ રિજનલ ગ્રોથ હબ તથા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સથી જિલ્લા સ્તરે ફોકસ સેક્ટર પણ તૈયાર કરવામાં આવ્યા છે.

એટલું જ નહીં, વડાપ્રધાનશ્રીએ ગુજરાતને પોલીસી ડ્રિવન સ્ટેટ તરીકેની આગવી ઓળખ અપાવી છે. હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પોલિસી, આઈ.ટી. પોલીસી, ગ્રીન હાઈડ્રોજન પોલીસી વગેરે સેક્ટર સ્પેસિફિક પોલીસીઝનો લાભ લઈને જર્મનીના ઉદ્યોગો પોતાને અનુકુળ સેક્ટર્સમાં ગુજરાત સાથે સહભાગીતા કરી શકે છે.

પ્રિસિઝન એન્જિનિયરિંગ અને ટેકનોલોજી સેક્ટરમાં જર્મનીની તજજ્ઞતાનો લાભ ગુજરાતને મળે તેવી તેમની અપેક્ષા છે.

આ ડેલીગેશનના સભ્ય અને સિમેન્સના સી.ઈ.ઓ. રોનાલ્ડ બુશે પણ ગુજરાતમાં એસ.એમ.ઈ અને અન્ય ઉદ્યોગો સપ્લાય ચેઈનનો ભાગ બને અથવા સપ્લાય ચેઈન ડેવલપ કરવામાં ઉપયોગી થઈ શકે તે અંગેના સુઝાવો આપ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ બેઠકની ચર્ચામાં જર્મનીના વિવિધ ક્ષેત્રોના જે ૩૦થી વધુ અગ્રણી ઉદ્યોગ-રોકાણકારો જોડાયા હતા તેમા ડૉ. કાર્લ બિત્ઝર મેનેજીંગ ડિરેક્ટર **Delo industrieklebstoffe,** બ્રુકનર ટ્રોકેન્ટેકનિકના સી.ઈ.ઓ. સુશ્રી રેજીના બ્રુકનર, વેબસ્ટો એસ.ઈ.ના સી.ઈ.ઓ. શ્રી જોર્ગ બુચહેમ, **TKMS AG**ના એમ.ડી. શ્રી ઓલિવર બર્કહાર્ડ, ડૉ. વુલ્ફ ગ્રુપના મેનેજિંગ પાર્ટનર શ્રી એડ્યુઅર્ડ રિચાર્ડ ડોરેનબર્ગ વગેરેનો સમાવેશ થાય છે. આ ડેલીગેશનના સૌ સભ્યોએ ગુજરાતના આતિથ્ય સત્કારની પણ પ્રશંસા કરી હતી. મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ટી. નટરાજન, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે, એસ.જી.એસ.ટી. કમિશનર શ્રીમતી આરતી કંવર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકમાં સહભાગી થયા હતા.

# ભચાઉમાં સોપારી માફિયાઓ પરની કાર્યવાહીમાં ૧૫૧ કરોડનો મુદ્દામાલ કબજે

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકામાં **RR** સેલે સોપારી માફિયાઓ સામે મોટી કાર્યવાહી હાથ ધરી છે. આધોઈ ગામ પાસેથી સોપારી ભરેલું એક ટ્રેલર ઝડપાતા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. પોલીસે અંદાજે રૂ. ૧૫૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે અને સમગ્ર મામલે તપાસને વધુ તેજ બનાવી છે. પોલીસે હવે સોપારી માફિયા ઓનાં સંપર્કો અંગે વધુ તપાસ હાથ ધરી છે.સોપારી માફિયા ઓ સામેની આ કાર્યવાહી બાદ કાળા કારોબાર સાથે સંકળાયેલા તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો છે. પ્રાથમિક તપાસમાં આ સોપારી રેકેટ પાછળ સંગઠિત નેટવર્ક હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે સમગ્ર રેકેટના મૂળ સુધી પહોંચવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને સોપારી માફિયાઓના સંપર્કમાં રહેલા આરોપીઓ સુધી પહોંચવા પ્રયાસો શરૂ કર્યા છે.

## ગ્રીનલૅન્ડ ભાડાપટ્ટે નથી જોઈતું, માલિક બનીશું: ટ્રમ્પની વધુ એક ધમકીથી યુરોપમાં ચિંતા વધી

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે, કે અમેરિકા ગમે તે ભોગે ગ્રીનલૅન્ડ લઈને જ રહેશે. ટ્રમ્પનો દાવો છે કે જો અમેરિકા ગ્રીનલૅન્ડ પર કબજો નહીં કરે તો ચીન અથવા રશિયા કબજો કરી લેશે.

એર ફોર્સ વન વિમાનમાં પત્રકારો સાથે વાતચીતમાં ટ્રમ્પે કહ્યું છે, હું નથી ઈચ્છતો કે રશિયા અથવા ચીન ગ્રીનલૅન્ડ લઈ લે. હું વાતચીતના માધ્યમથી ડીલ કરવાનું પસંદ કરીશ. ડીલ કરવી જ સરળ રહેશે, પણ છેવટે ગમે તે ભોગે ગ્રીનલૅન્ડ લઈને જ રહીશું.

પત્રકારોએ જ્યારે ટ્રમ્પને પૂછ્યું કે શું તેઓ ગ્રીનલૅન્ડ લેવા માટે સૈન્ય કાર્યવાહી કરવા આદેશ આપશે? તો તેમણે કહ્યું, કે અમેરિકાનું ધ્યાન માત્ર ગ્રીનલૅન્ડ પર અધિકાર સ્થાપિત કરવા પર છે. અમને ગ્રીનલૅન્ડ લીઝ પર અથવા થોડા સમય માટે નથી જોઈતું. પણ અમે ગ્રીનલૅન્ડના એકમાત્ર માલિક બનવા માંગીએ છીએ.

ટ્રમ્પે વધુમાં કહ્યું, કે ગ્રીનલૅન્ડની સુરક્ષા વ્યવસ્થા ખૂબ નબળી છે. ત્યાં નામ પૂરતી સુરક્ષા થઈ રહી છે. ગ્રીનલૅન્ડની આસપાસ રશિયા અને ચીનના યુદ્ધ જહાજોની હાજરી છે. ત્યાં અમેરિકાની સેનાની માત્ર હાજરીથી કામ નહીં થાય. અમને ગ્રીનલૅન્ડની માલિકી જોઈએ છે.

નોંધનીય છે કે ગ્રીનલૅન્ડ ડેન્માર્કનું એક સ્વાયત્ત ક્ષેત્ર છે. આર્કટિકમાં શિપિંગ રૂટ અને મિલીટરી કોરિડોરના કારણે ગ્રીનલૅન્ડનું ખૂબ મહત્ત્વ રહ્યું છે.

વિકસિત ભારત @૨૦૪૭ના સંકલ્પમાં સૌરાષ્ટ્ર-કચ્છ બનશે દેશનું ગ્રોથ એન્જિનઃ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં રૂ.૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમ.ઓ.યુ. સંપન્નઃ કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે આયોજીત બે દિવસીય ‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ – કચ્છ અને સૌરાષ્ટ્ર’નું આજે સમાપન થયું. આ કોન્ફરન્સ દરમિયાન રૂપિયા ૫.૭૮ લાખ કરોડના રોકાણના ૫૪૯૨ સમજૂતિ કરાર થયા હોવાની જાહેરાત કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કરી હતી.

મારવાડી યુનિ. ખાતે સમાપન સમારોહમાં પ્રાસંગિક ઉદબોધન આપતા રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છને વિકસિત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક નક્કર રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં જ્યારે વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી હતી, ત્યારે તેમને અનેક ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેમના અડગ વિશ્વાસ અને વિઝનને કારણે આજે ગુજરાત અને ભારત વિકાસની હરણફાળ ભરી રહ્યા છે. મંત્રીશ્રીએ ગૌરવ સાથે ઉમેર્યું હતું કે, વિશ્વભરના પ્રતિષ્ઠિત ઔદ્યોગિક એકમો જેમને મળવા આતુર હોય છે, તેવા આપણા વડાપ્રધાનની આ રિજનલ કોન્ફરન્સમાં ઉપસ્થિતિ દર્શાવે છે કે તેમના માટે સૌરાષ્ટ્ર અને કચ્છનો વિકાસ કેટલો મહત્વપૂર્ણ છે.

મંત્રીશ્રીએ વાઈબ્રન્ટ ગુજરાતના ઐતિહાસિક પ્રવાસ અને સફળતાના આંકડા રજૂ કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩માં પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત દરમિયાન માત્ર રૂ. ૬૬ હજાર કરોડના ૮૦ એમ.ઓ.યુ. થયા હતા, તેની સામે આજે રાજકોટના આંગણે યોજાયેલી આ રિજનલ કોન્ફરન્સમાં જ રૂ. ૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમ.ઓ.યુ. સંપન્ન થયા છે. આ આંકડાઓ અને અનેક દેશોની સહભાગીતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પરનો અતૂટ ભરોસો દર્શાવે છે. આત્મનિર્ભર ભારત, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને મેઈક ઈન ઈન્ડિયા જેવા આયામો વડાપ્રધાનના નેતૃત્વમાં સાકાર થઈ રહ્યા છે, જેનો સીધો લાભ ગુજરાતના ઉદ્યોગપતિઓ અને એકમોને મળશે.

કોન્ફરન્સ દરમિયાન વિવિધ સેક્ટરોમાં થયેલી ઊંડાણપૂર્વકની ચર્ચાઓ ઉદ્યોગો માટે માર્ગદર્શક સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા મંત્રીશ્રીએ વધુમાં વધુ ઔદ્યોગિક એકમો અને નાગરિકોને આગામી



તારીખ ૧૫ જાન્યુઆરી સુધી આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. અંતમાં, તેમણે આશા વ્યક્ત કરી હતી કે જ્યારે ભારત વિશ્વગુરૂના સ્થાને બિરાજશે ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ તેના મુખ્ય ગ્રોથ એન્જિન તરીકે ઊભરી આવશે. આ તકે રાજ્યના પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ’ સૌરાષ્ટ્ર કચ્છની ક્ષમતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરનાર મોટું પ્લેટફોર્મ બની છે. વિવિધ ઐતિહાસિક કિસ્સાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, કચ્છ અને સૌરાષ્ટ્રના લોકોની નસેનસમાં ઉદ્યોગ સાહસિકતા ભરેલી છે. સૌરાષ્ટ્રના નાવિકો એક સમયે દુનિયાના દરિયા પર રાજ કરતા હતા. મંત્રીશ્રીએ સૌરાષ્ટ્રના વિવિધ ક્ષેત્રની ઔદ્યોગિક વિશેષતાઓનો પરિચય આપતા કહ્યું હતું કે, રાજ્યના દરેક વિસ્તારમાં કોઈને કોઈ કૌશલ્ય ભરેલું છે અને તેમાં સૌરાષ્ટ્રનું પ્રભુત્વ છે.

તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પોરબંદર, દ્વારકા અને સોમનાથ બેલ્ટ દુનિયાનું સૌથી મોટું પ્રવાસન ક્ષેત્ર બનવા જઈ રહ્યું છે. દેશ અને રાજ્યમાં સેમી કન્ડક્ટર ક્ષેત્રની પ્રગતિ અંગે કહ્યું હતું કે, ગુજરાત રાજ્ય વર્ષ ૨૦૨૭માં સેમી કન્ડક્ટર ક્ષેત્રનું હબ બનશે.

આ તકે તેમણે કચ્છ અને સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોને ન્યૂ એજ ટેક્નોલોજી ક્ષેત્રમાં રોકાણ કરીને આગળ વધવા આહવાન કર્યું હતું.

ઉદ્યોગ સચિવ શ્રી મમતા વર્માએ સ્વાગત પ્રવચનમાં સૌરાષ્ટ્ર કચ્છની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સને ગૌરવપૂર્ણ ક્ષણ ગણાવતા કહ્યું હતું કે, છેલ્લાં બે દિવસમાં "સ્કેલ અને સ્કીલ"ના સમન્વય સાથે ઉદ્યોગ સાહસિકોને મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે. બીટુબી, બીટુજી, રિવર્સ બાયર્સ સેલર્સ મિટ, ૫૦થી વધુ સેમિનાર સહિતના આયોજન થકી યુવા પેઢીને પણ નવી દિશા મળી છે.

આ તકે ઉદ્યોગ કમિશનર શ્રી પી.સ્વરૂપે પ્રેઝન્ટેશના માધ્યમથી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની સફળ યાત્રાની તલસ્પર્શી વિગતો રજૂ કરી હતી.

મારવાડી યુનિવર્સિટીના સ્થાપક શ્રી કેતન મારવાડીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સે સાબિત કર્યું છે કે ભારત આજે વિશ્વમંચ ઉપર નવી ઊંચાઈઓને આંબી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કોન્ફરન્સમાં ૨૪ દેશના પ્રતિનિધિશ્રીઓ અને ૪૦૦૦ ઉદ્યોગ સાહસિકોની ઉપસ્થિતિ એ ઐતિહાસિક ઉપલબ્ધિ છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે “Kutch & Saurashtra : Anchoring Gujarat’s vision” પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ અવસરે ઉત્તમ પ્રદર્શન કરનારા વિવિધ એમ.એસ.એમ.ઈ.ના ઉદ્યોગકારો, હસ્તકલા કારીગરો, ઉદ્યોગ વિભાગનું પુરસ્કાર સાથે સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે મારવાડી યુનિવર્સિટીના સંચાલકોનું આભાર સાથે બહુમાન કરાયું હતું.

સમાપન સમારોહમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી હસમુખ અઢિયા, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ સુશ્રી જયંતી રવિ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રવીણાબહેન રંગાણી, ધારાસભ્યશ્રી ડો. દર્શિતાબેન શાહ, ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા, એલ. એન્ડ ટી.ના સી.ઈ.ઓ. શ્રી સિદ્ધાર્થ ગુપ્તા, જ્યોતિ સી.એન.સી.ના ચેરમેન શ્રી પરાક્રમસિંહ જાડેજા, મારવાડી યુનિ.ના કો-ફાઉન્ડર શ્રી જીતુભાઈ ચંદારાણા, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વી. પી.વૈષ્ણવ, અગ્રણી ઉદ્યોગકારો, વેપાર-ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ, ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૧૨/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૧૨૭ | ૧,૨૫૦.૦૦ | ૧,૮૬૧.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૨૯૦.૦૦ | ૧,૩૦૦.૦૦ |
| ૩ | ઘઉં | ૨૩૯ | ૫૨૦.૦૦ | ૫૫૩.૦૦ |
| ૪ | બાજરી | ૧૧ | ૪૫૦.૦૦ | ૪૬૫.૦૦ |
| ૫ | મકાઇ | ૦ | ૩૫૦.૦૦ | ૩૭૦.૦૦ |
| ૬ | ચણા | ૮ | ૫૦૧.૦૦ | ૮૦૦.૦૦ |
| ૭ | અડદ | ૨૪ | ૧,૨૨૭.૦૦ | ૧,૩૭૮.૦૦ |
| ૮ | ગવાર | ૨૦ | ૮૫૦.૦૦ | ૯૧૩.૦૦ |
| ૯ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૧૦ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૧૧ | કપાસ | ૧૮૪ | ૧,૫૩૦.૦૦ | ૧,૬૧૫.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

સ્વામી વિવેકાનંદજીની ૧૬૩મી જન્મજયંતી

# વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ સ્વામી વિવેકાનંદજીના તૈલચિત્ર સમક્ષ ભાવસભર પુષ્પ અર્પણ કર્યા

**પુરુષાર્થને કર્મ સમજીને જો ભારતના યુવાનો કાર્ય કરશે ત્યારે જ ભારતને વિશ્વગુરુ બનાવવાનું સ્વામી વિવેકાનંદજીનું સ્વપ્ન સાકાર થશે :- વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી**

વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે યુવાનો માટે આદર્શરૂપ અને પ્રેરણારૂપ એવા સ્વામી વિવેકાનંદજીની ૧૬૩મી જન્મજયંતી 'રાષ્ટ્રીય યુવા દિવસ'ના અવસરે તેમના તૈલચિત્ર સમક્ષ ભાવપૂર્ણ પુષ્પ અર્પણ કરી શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા.

આ પ્રસંગે શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, આજે સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી છે. સ્વામી વિવેકાનંદ યુવાનોના પ્રેરણામૂર્તિ છે. આજે વિશ્વમાં સૌથી વધુ યુવાઓ ભારત દેશમાં છે. વિવેકાનંદજીના વિચારો ‘જાગો, ઉઠો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો’ પુરુષાર્થને કર્મ સમજીને જો ભારતના યુવાનો કાર્ય કરશે ત્યારે જ ભારતને વિશ્વગુરુ બનાવવાનું સ્વામી વિવેકાનંદજીનું સ્વપ્ન સાકાર થશે.

આ પ્રસંગે એ.પી.એસ અને હિલવુડ શાળાના વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદના જીવન પર વિશેષ વ્યાખ્યાન આપ્યું હતું. વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈએ આ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવાની સાથે સન્માન પત્ર આપી પુરસ્કૃત કર્યા હતા.

આ પ્રસંગે જૂનાગઢ વિધાનસભાના ધારાસભ્ય સંજય કોરાડિયા, ગુજરાત વિધાનસભા સચિવ શ્રી સી. બી. પંડ્યા, વિધાનસભાના ઉચ્ચ અધિકારીશ્રીઓ- કર્મચારીશ્રીઓ, શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ પણ સ્વામી વિવેકાનંદજીના તૈલ ચિત્ર સમક્ષ ભાવ પુષ્પો અર્પણ કર્યા હતા.

- પ્રિન્સ ચાવલા





ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદા ઓલ ટાઈમ હાઈઃ સોનાનો વાયદો રૂ.૨૬૯૧ અને ચાંદીનો વાયદો રૂ.૧૧૭૨૮ વધુ ઊછળ્યો


## ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૮ લપસ્યોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૭૧૨૧.૭૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૬૧૩૦૮.૨૨ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૯૦૦૮.૨૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૩૧૯ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૦૮૪૩૮.૧૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૭૧૨૧.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૬૧૩૦૮.૨૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૭૩૧૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૮૯૦.૧૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૯૦૦૮.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૯૬૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૧૬૪૩ અને નીચામાં રૂ.૧૩૯૬૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૮૮૧૯ના આગલા બંધ સામે રૂ.૨૬૯૧ વધી રૂ.૧૪૧૫૧૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૩૭૦ વધી રૂ.૧૧૪૩૨૬ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૮૩ વધી રૂ.૧૪૨૯૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૧૩ વધી રૂ.૧૪૧૨૧૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૯૪૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૧૮૭૪ અને નીચામાં રૂ.૧૩૯૪૯૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૯૦૩૦ના આગલા બંધ સામે રૂ.૨૭૪૨ વધી રૂ.૧૪૧૭૭૨ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૬૨૮૩૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૫૪૮૧ અને નીચામાં રૂ.૨૬૦૭૧૧ના મથાળે અથડાઈ, રૂ.૨૫૨૭૨૫ના આગલા બંધ સામે રૂ.૧૧૭૨૮ વધી રૂ.૨૬૪૪૫૩ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૧૪૭૯ વધી રૂ.૨૬૬૩૭૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૧૪૭૧ વધી રૂ.૨૬૬૩૯૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૫૨૮૩.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૩૬.૬ વધી રૂ.૧૩૧૭.૯ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.૪.૨૫ વધી રૂ.૩૧૩.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧૦ પૈસા ઘટી રૂ.૩૧૭.૩ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો રૂ.૧.૫૫ વધી રૂ.૧૯૩.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૮૨૫.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૧૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૨૭ અને નીચામાં રૂ.૪૩૫૧ના સ્તરને સ્પર્શી, રૂ.૩૪ વધી રૂ.૪૩૮૦ થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૩૬૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૬૪ અને નીચામાં રૂ.૫૨૮૨ના મથાળે અથડાઈ, રૂ.૫૩૫૨ના આગલા બંધ સામે રૂ.૬૮ ઘટી રૂ.૫૨૮૪ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૬૭ ઘટી




રૂ.૫૨૮૫ થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ ૨૦ પૈસા ઘટી રૂ.૨૯૪ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો ૩૦ પૈસા ઘટી રૂ.૨૯૪.૧ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૮૯ના ભાવે ખૂલી, રૂ.૭.૬ ઘટી રૂ.૯૮૨ થયો હતો. કોટન જાન્યુઆરી વાયદો રૂ.૫૦ વધી રૂ.૨૬૨૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૮૫ના ભાવે ખૂલી, રૂ.૧૯ ઘટી રૂ.૨૬૮૨ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૯૩૨૭.૦૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૯૬૮૧.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૧૮૩.૦૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૪૪.૦૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪૬.૪૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૬.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૧.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૫૩.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૬૦.૬૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૩.૫૬ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૧૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૯૮૨૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૫૫૩૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૪૭૦૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૬૬૨૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૭૯૭૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૫૧૭૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૭૮૬૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૮૩૦૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૫૮૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૨૩૩૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૫૧૪૬૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૬૮૧૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૩૪૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૮૧૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૬૧ પોઈન્ટ વધી ૩૭૩૧૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૯.૪ ઘટી રૂ.૭૦ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૧૪.૪૫ના ભાવે બોલાયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૪૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૬૩ વધી રૂ.૧૫૦૫ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૭૪૨.૫ વધી રૂ.૧૫૫૬૯ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧.૦૩ વધી રૂ.૨૨.૦૩ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૫ પૈસા વધી રૂ.૩.૫૯ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૨ વધી રૂ.૯૨.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૦ પૈસા ઘટી રૂ.૧૪.૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨૧ ઘટી રૂ.૫૯૧ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૯૦૪ ઘટી રૂ.૭૧૮૮.૫ના ભાવે બોલાયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭.૫૯ ઘટી રૂ.૩૧.૩૫ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૩ ઘટી રૂ.૧.૬૫ થયો હતો.

# ગુજરાત ના વધુ એક સમાજમાં પરીવર્તનનો પવન ફુંકાયો ? બીજુ સંતાન લાવનાર દંપત્તિને ૨૫ હજારનો ચેક આપવાની વિશ્વકર્મા સમાજે કરી જાહેરાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સામાજિક પરીવર્તનનો એક વધુ મહત્વપૂર્ણ સંદેશ સામે આવ્યો છે. પાટીદાર, ઠાકોર, ચૌધરી અને રબારી સમાજ બાદ હવે વિશ્વકર્મા સમાજમાં પણ પરીવર્તનનો પવન ફુંકાયો છે. સમાજમાં વધતી જઈ રહેલી એક બાળકની માનસિકતા અને સમાજમાં ઘટતી વસ્તીને લઈને ચિંતા વ્યકત કરવામાં આવી છે અને તેના નિવારણ માટે સકારાત્મક પહેલ કરવામાં આવી છે. એક



બાળકની માનસિકતા વિશ્વકર્મા નિર્માણ ફાઉન્ડેશન દ્વારા મોઢેરા રોડ પર ગઈ કાલે રવિવારે એક વિશાળ મહાસંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ મહાસંમેલનમાં પાટણવાડા અને બાવીસી પંચાલ સમાજના મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા, સંમેલનમાં સમાજના આગેવાનોએ સમાજની વર્તમાન સ્થિતિ પર ચર્ચા કરી અને એક બાળકની માનસિકતાને સમાજ માટે જોખમી ગણાવીને તેના માટે લાલ બત્તી ધરી હતી. બાવીસી પંચાલ સમાજ દ્વારા મોટી જાહેરાત કરવામાં આવી હતી. મહાસંમેલન દરમિયાન પાટણવાડા અને બાવીસી પંચાલ સમાજના આગેવાનો દ્વારા મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી કે જે દંપત્તિ બીજુ સંતાન લાવશે તેમને સમાજ તરફથી ૨૫ હજાર રૂપીયાનુ પ્રોત્સાહન રૂપે ચેક આપવામાં આવશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ સમાજમાં ઘટતી જતી વસ્તી પર નિયંત્રણ લાવવાનો અને પરીવારમાં સંતુલન જાળવવાનો છે. સંજયભાઈ પંચાલે જણાવ્યુ હતુ કે પ્રથમ બાળકની સુરક્ષા અને તેના ભવિષ્ય માટે પણ બીજુ બાળક જરૂરી છે. સંતાનને ભાઈ કે બહેનનો સાથ અને સહકાર મળે તેમજ માતા પિતાનુ ભવિષ્ય સુરક્ષિત રહે તે માટે વસ્તી સંતુલન અત્યંત જરૂરી છે. વિશ્વકર્મા સમાજની આ પહેલને સમાજમાં સકારાત્મક બદલાવ લાવતી મહત્વપૂર્ણ કદમ તરીકે જોવામાં આવી રહી છે.

# ૧૩ જાન્યુઆરીની સાબરમતી–જૈસલમેર એક્સપ્રેસ પોકરણ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે

ઉત્તર પશ્ચિમ રેલવેના જોધપુર મંડળમાં રાયકા બાગ પેલેસ-જૈસલમેર સેકશનમાં જેઠા ચાંદન-થઈરાત હમીરા સ્ટેશનો વચ્ચે બ્રિજ નં.૧૭૦ પર એન્જિનિયરિંગ કાર્ય હેતુ ટ્રાફિક બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે સાબરમતી-જૈસલમેર એક્સપ્રેસ આંશિક રદ રહેશે. જેની વિગત નીચે પ્રમાણે છેઃ

- ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૨૦૪૯૨ સાબરમતી–જૈસલમેર એક્સપ્રેસ પોકરણ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. તેથી આ ટ્રેન પોકરણ અને જૈસલમેર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૨૦૪૯૧ જૈસલમેર–સાબરમતી એક્સપ્રેસ પોકરણ સ્ટેશનથી શોર્ટ ઓરીજીનેટ થશે. તેથી આ ટ્રેન જૈસલમેર અને પોકરણ વચ્ચે આંશિક રીતે રદ રહેશે

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન શકે છે.

# ગાંધીનગર કેપિટલ–વારાણસી સાપ્તાહિક એક્સપ્રેસના ટર્મિનલ સ્ટેશનમાં ફેરફાર

રેલ પ્રશાસન દ્વારા ગાડી નંબર ૨૨૪૬૮/૨૨૪૬૭ ગાંધીનગર કેપિટલ–વારાણસી સાપ્તાહિક એક્સપ્રેસના ટર્મિનલ સ્ટેશનમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તારીખ ૦૫.૦૩.૨૦૨૬થી ગાંધીનગર કેપિટલ–વારાણસી એક્સપ્રેસ વારાણસી **(BSB)** સ્ટેશનની જગ્યાએ બનારસ **(BNRS)** સ્ટેશન જશે. ફેરફારની વિગતો નીચે મુજબ છેઃ

ગાડી નંબર ૨૨૪૬૮ ગાંધીનગર કેપિટલ–બનારસ એક્સપ્રેસ તારીખ ૦૫.૦૩.૨૦૨૬થી બનારસ **(BNRS)** સ્ટેશન પર સાંજે ૨૩.૩૦ વાગ્યે પહોંચશે.

ગાડી નંબર ૨૨૪૬૭ બનારસ–ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ તારીખ ૦૪.૦૩.૨૦૨૬થી બનારસ **(BNRS)** સ્ટેશનથી ૧૫:૧૦ કલાકે પ્રારંભ થશે.

ટર્મિનલ ફેરફારને કારણે વારાણસી સ્ટેશન પર આગમન/પ્રસ્થાન સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. ગાંધીનગર કેપિટલ અને લોહતા સ્ટેશનો વચ્ચેની સમય-સારણી માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

આ ટ્રેનના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in વેબસાઈટ પર જઈને અવલોકન કરી શકે છે.

# મોદી બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગુજરાતના ૩ દિવસના પ્રવાસે : ગાંધીનગરમાં કરોડોના વિકાસ કાર્યોનુ કરશે લોકાર્પણ

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમિત શાહ આજે તારીખ ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ થી ગુજરાતના ૩ દિવસના પ્રવાસે આવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ૧૩ જાન્યુઆરીના રોજ પોતાના સંસદીય મતવિસ્તાર ગાંધીનગરમાં કરોડો રૂપીયાના વિકાસ કાર્યોની ભેટ આપવા જઈ રહ્યા છે.

આ પ્રવાસ દરમિયાન તેઓ ગુજરાતને પશુ આરોગ્ય અને રમત ગમત ક્ષેત્રે નવી ઉંચાઈઓ અપાવનારી બે મહત્વની સુવિધાઓનુ લોકાર્પણ કરશે.



ગાંધીનગરના સેકટર ૨૮ ખાતે એનીમલ વેકિસન ઈન્સ્ટિટયુટ પાસે તૈયાર થયેલી બાયોસેફટી લેવલ-૪ લેબ નુ લોકાર્પણ અમિત શાહ કરશે.

આ લેબ ગુજરાતની સર્વપ્રથમ અને દેશમાં બીજી આવી અત્યાધુનિક સુવિધા છે. આ અત્યંત ઉચ્ચ સુરક્ષાસ્તરની લેબ માં અત્યંત ચેપી વાઈરસ અને પશુમાં ફેલાતા ગંભીર રોગો પર સંશોધન કરી શકાશે, લેબમાં અધતન બાયો કન્ટેઈનમેન્ટ ફેસીલીટી સ્થાપિત કરવામાં આવી છે. જે રીતે ચેપી રોગોના અભ્યાસ દરમિયાન સંપૂર્ણ સુરક્ષા પુરી પાડશે. આ સુવિધા ગુજરાતને પશુ આરોગ્ય , રસી વિકાસ અને પશુધન સંરક્ષણના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર બનાવશે. ખાસ કરીને ડેરી ઉદ્યોગ અને પશુપાલનને આધાર આપતા ગુજરાત માટે આ એક માઈલસ્ટોન સાબિત થશે.

આજ દિવસે સવારે ૧૦ કલાકે માણસા તાલુકાની આર્ટસ કોમર્સ કોલેજ સંકુલ ખાતે અમિત શાહ નવનિર્મિત અદ્યતન રમત ગમત સંકુલનુ જનતાને સમર્પણ કરશે. આ આધુનિક સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં ગ્રામીણ અને શહેરી ખેલાડીઓને વિશ્વસ્તરની સુવિધાઓ ઉપલબ્ધ થશે. જેમાં આંતરરાષ્ટ્રીય સ્તરના રમતના મેદાનો, જીમ અને ફીટનેશ સેન્ટર, ટ્રેનીંગ રૂમ્સ, બદલાતા રૂમ અને અન્ય આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ હશે. આ સંકુલ ગ્રામીણ વિસ્તારોમાંથી ઉભરતી પ્રતિભાઓને પ્રોત્સાહન આપશે અને રાજયના રમત ગમત ક્ષેત્રને નવી દિશા આપશે. આ ઉપરાંત માણસા તાલુકા અને ગાંધીનગરમાં વિવિધ વિકાસ પ્રકલ્પો જેમ કે રોડ રસ્તા, પાણી પુરવઠો, શિક્ષણ અને આરોગ્ય સંબંધીત કામોનુ પણ લોકાર્પણ થશે, આ બધા પ્રોજેકટ મળીને ગાંધીનગર અને આજુબાજુના વિસ્તારોના વિકાસને નવી ગતિ આપશે.

# સુરત શહેરમાં નકલી ચલણી નોટોનું મોટું રેકેટ ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાં નકલી ચલણી નોટોનું મોટું રેકેટ ઝડપી પડતાં ચકચાર મચી ગઈ છે. શહેરના વરાછા વિસ્તારમાંથી **SOG**એ નકલી નોટો ના નેટવર્કનો ભંડાફોડ કરી ૫ લાખ રૂપિયાની નકલી ચલણી નોટો સાથે બે આરોપીઓને ઝડપી લીધા છે.

**SOG**ની ટીમે વરાછા મીની બજાર વિસ્તારમાંથી કાર્યવાહી કરીને રત્નકલાકાર તરીકે કામ કરતા પરેશ હડિયાની ધરપકડ કરી છે. તપાસમાં ખુલ્યું છે કે આરોપીએ છેલ્લા એક વર્ષ દરમિયાન ૨૫ લાખ રૂપિયાથી વધુની નકલી નોટા બજારમાં વટાવી હતી.પોલીસ તપાસ મુજબ, આરોપી નકલી નોટો ક્યાંથી લાવતો હતો અથવા પોતે પ્રિન્ટ કરતો હતો તે બાબતે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. સાથે જ, આ નકલી નોટો કોને આપવાની હતી અને આ રેકેટમાં બીજા કોણ-કોણ સંડોવાયેલા છે તેની પણ તપાસ ચાલી રહી છે.**DCP**એ જણાવ્યું હતું કે સમગ્ર નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે તપાસ તેજ કરવામાં આવી છે અને આગામી દિવસોમાં વધુ ખુલાસા થવાની શક્યતા છે.

જિયો-ટેગિંગ ફરજિયાત

# ક્રિપ્ટો માટે નવા આકરા નિયમો, યુઝર્સની લાઈવ સેલ્ફી જરૂરી બની

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ડિજિટલ એસેટ માર્કેટમાં ગેરકાયદેસર પ્રવૃત્તિને ડામવા માટે ભારતના ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ (FIU)એ ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ માટે નવા આકરા નિયમો જારી કર્યા છે. નવા નિયમોમાં ક્લાયન્ટની લાઈવ સેલ્ફી, જીઓ ટેગિંગ અને પેની ડ્રોપ પદ્ધતિ દ્વારા બેંક એકાઉન્ટ વેરિફિકેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત એક્સચેન્જોએ ઉંચું જોખમ ધરાવતા ક્લાયન્ટનું દર છ મહિને અને બાકીના ક્લાયન્ટનું વાર્ષિક KYC અપડેટ કરવું પડશે.નવા નિયમોનો હેતુ મની લોન્ડરિંગ, ટેરર ફાઈનાન્સ અને ગેરકાયદે પ્રવૃત્તિને અટકાવવાનો છે. આઠ જાન્યુઆરીએ જારી કરાયેલી નવી ગાઈડલાઈનમાં ક્રિપ્ટો એક્સચેન્જોને વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ (VDA) સર્વિસ પ્રોવાઈડર તરીકે વર્ગીકૃત કરાયા છે. આ પ્રોવાઈડરની ફરજો દસ્તાવેજ અપલોડને મંજૂરી આપવા પૂરતી સીમિત રહેશે નહીં.

નવા નિયમો હેઠળ યુઝર્સે તેમની હાજરીની ચકાસણી કરતાં સોફ્ટવેરનો ઉપયોગ કરી આઈ બ્લન્કિંગ કે હેડ મુવમેન્ટ સાથે 'લાઈવ સેલ્ફી' લેવી પડશે. જૂના ફોટા અથવા ડીપફેકના ઉપયોગને રોકવા માટે આ નિયમ બનાવાયો છે.યુઝર્સ એકાઉન્ટ બનાવવાનું ચાલુ કરે ત્યારે એક્સચેન્જોએ ચોક્કસ અક્ષાંશ અને રેખાંશ, તારીખ, ટાઈમસ્ટેમ્પ અને IP એડ્રેસ રેકોર્ડ કરવું પડશે.

એકાઉન્ટ માટે પેની ડ્રોપ મેથડ પણ ફરજિયાત બનાવાઈ છે. આવી મેથડમાં બેંક ખાતું સક્રિય છે અને નોંધણીકર્તાનું છે તેની પુષ્ટિ કરવા માટે 1 જેવી નજીવી રકમનું ટ્રાન્ઝેક્શન કરવામાં આવે છે. પરમેનન્ટ એકાઉન્ટ નંબર (PAN) ઉપરાંત યુઝર્સે પાસપોર્ટ, આધાર અથવા મતદાર ID જેવા બીજા ડોક્યુમેન્ટ આપવા પડશે. ઈ-મેઈલ ID અને ફોન નંબર માટે OTP વેરિફિકશન પણ કરાવવું પડશે.

અંકલેશ્વર કાગળીવાડ વિસ્તારની ઘટના

# ગૌવંશ કતલ કરતા સગીર સહિત ૩ ઝડપાયા, એક ફરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)અંકલેશ્વર,

અંકલેશ્વર કાગળીવાડમાં ગૌવંશ કતલ કરતા સગીર સહિત ૩ ઝડપાયા ગયા હતા જયારે એક ઈસમ ફરાર થઈ ગયા હતા. શહેર એ ડિવિઝન પોલીસે ચોક્કસ માહિતી આધારે દરોડા પાડ્યા હતા. પોલીસે રીક્ષા મોપેડ તેમજ મોબાઈલ અને શંકાસ્પદ ૧૩૦ કિલો ગૌવંશ મળી ૯૧ હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ની ટીમ ને ચોક્કસ માહિતી મળી હતી કે આસીફ ઈકબાલ ઉર્ફે મિનું રસીદ કાદર મલેક પોતાના કાગડીવાડ સ્થિત દુધીયા પીર ની દરગાહ પાસે આવેલ મકાનના નીચેના રૂમમાં ગૌવંશ લાવી કતલ કરી રહ્યા છે. જે માહિતી આધારે પોલીસે દરોડા પાડતા ઘર બહાર મોપેડ પર નજર રાખી બેઠેલ ઈસમ પોલીસ જોતા જ ભાગ્યો હતો. જયારે પોલીસે ઘરમાં દરોડા પાડતા છરા સાથે સગીર સહિત ૩ ઈસમો શંકાસ્પદ ગૌવંશ કતલ કરતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા.પોલીસે ત્વરિત અસરથી કતલ કરવાના છરા તેમજ કતલ કરેલ ગૌવંશ અને તેના અવશેષો મળી ૧૩૦ શંકાસ્પદ ગૌ વંશ નો જથ્થો જપ્ત કરી એફ. એસ.એલ માં મોકલી આપ્યો હતો.

પોલીસે સ્થળ પર થી અબ્દુલ રઝાક ગુલામ કુરેશી, સાહીદ અબ્દુલ રસીદ કુરેશી અને એક સગીરની ધરપકડ કરી હતી. તેમજ ૩ મોબાઈલ એક રીક્ષા અને એક મોપેડ મળી ૯૧ હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જયારે પોલીસ જોઈ ફરાર થયેલ ગૌવંશ કતલ થઈ રહેલા મકાનના માલિક અને સગીરના પિતા એવા આસીફ ઈકબાલ ઉર્ફે મિનું રસીદ કાદર મલેકને વોન્ટેડ જાહેર કરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

# સુરતમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હિનીષા પટેલે કર્યો આપઘાત : ઘરે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી આત્મહત્યાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને નાયબ મુખ્યમંત્રી ના શહેર સુરતમાં કોઈને કોઈ આત્મહત્યાની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે અને આજે ફરી એકવાર સુરતમાંથી આત્મહત્યાની ઘટના બનવા પામી છે. જેમાં સુરતના રાંદેરમાં રહેતા અને ઓલપાડમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હિનીષા પટેલે આજે સોમવારે પોતાના ઘરે આત્મહત્યા કરી લીધી હતી. હિનીષા પટેલે પોતાના ઘરે ગળા ફાંસો ખાઈને



આપઘાત જેવુ ગંભીર પગલુ ભર્યુ હતું. હિનીષા પટેલ અને તેમના પતિ બંને નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા, મળતી માહિતી મુજબ પતિ પત્ની એક જ વિભાગમાં જવાબદાર હોદ્દા પર હોવા છતાં કયા સંજોગોમાં મહિલા અધિકારીએ આ પગલુ ભર્યુ જેમાં કોઈ સૌ કોઈ આશ્ચર્યમાં મુકાઈ ગયા છે અને તેમના પતિના કહેવા મુજબ તેઓ તૈયાર થઈને બિલ્ડીંગ ની નીચે આવી ગયા હતા, પણ હિનીષાબેન નીચે ન આવતા તેઓ ફરીથી ઉપર પોતાના ઘર પર ગયા હતા, ત્યાં જઈને જોયુ તો હિનીષાબેને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતા રાંદેર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોચ્યો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# મેન્ડેટની પરવા કર્યા વિના સભાસદોએ ખોબે ખોબા મત આપી ભાજપના દિગ્ગજ નેતાને નાગરીક સહકારી બેંકની ચુંટણીમાં જીતાડયા

## નાગરીક સહકારી બેંકની યોજાયેલી ચુંટણીમાં કેટલાક મતદારો દ્વારા બોગસ મતદાન કરવામાં આવ્યુ હોવાના આક્ષેપો કરાયા?

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરની નાગરીક સહકારી બેંકના ડીરેકટરોની ખાલી પડેલ ૧૩ જગ્યાઓ માટે ગઈ કાલે રવિવારે મતદાન યોજાયુ હતું. જેમાં ભાજપના દિગ્ગજ નેતા હિરેન ગોરે મેન્ડેટ વિના ચુંટણી જીતી બતાડી દીધુ કે સભાસદો માત્ર વ્યકિતને ઓળખીને જ મત આપે છે, પાર્ટી કે મેન્ડેટ ને કોઈ જોતુ નથી, માત્ર ને માત્ર લોકો વિકાસ માંગી રહ્યા છે. આ નાગરીક સહકારી બેંક દ્વારા નિશાન ફાળવવામાં આવ્યા હતા. જે નિશાન હેઠળ ભાજપના નેતા હિરેન ગોરને ૭૭૩૩ મત મળ્યા હતા. જેઓ જંગી બહુમતીથી જીત્યા હતા. કહેવાય છે કે થોડા સમય અગાઉ ચેરમેન બનેલા હિરેન ગોરે અચાનક ચેરમેન પદેથી રાજીનામુ આપી દીધુ હતું. આ રાજીનામા પાછળ ભાજપનો જુથવાદ હોવાનુ ચર્ચાયુ હતું. આ નાગરીક બેંકની ચુંટણીમાં પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના ભાઈની પણ જંગી જીત થઈ હોવાનુ સુત્રો દ્વારા જાણવા મળ્યુ હતું. નાગરીક સહકારી બેંકની ચુંટણીમાં જીતેલા ઉમેદવારો અને મળેલા મતો તરફ નજર કરીએ તો સામાન્ય વિભાગ (૧) હિરેન ગોર- ૭૭૩૩ (૨) દિગવિજયસિંહ ચાવડા- ૭૨૨૮ (૩) કેતનકુમાર મોદી ૭૦૩૪ (૪) નલીનકુમાર પટેલ-૬૯૬૦ (૫) નલીનકુમાર પટેલ ૬૭૦૮ (૬) જીતેન્દ્રકુમાર પટેલ-૬૬૮૨ (૭) દિલીપકુમાર શાહ-૬૨૭૪ (૮) દિનેશકુમાર મહેતા-૬૦૬૯ (૯) અમૃતકુમાર પુરોહિત ૫૮૭૧ (૧૦) રાજેશકુમાર અમીન-૫૪૭૮

જયારે મહિલા વિભાગમાં (૧) કલ્પનાબેન દેવેશભાઈ પટેલ-૭૩૨૩ (૨) કપીલાબેન ભરતભાઈ પટેલ-૬૯૭૭ તેમજ અનુસુચિત જાતિ/જનજાતિમાં (૧) શશીકાંત ગોવિંદભાઈ સોલંકી-૪૩૫૬ આમ કુલ ૧૩ ઉમેદવારોની જીત થઈ હતી.




# ધોરણ ૧૨ માં ૫૦ ટકા થી ફીઝીયોથેરાપી માં પ્રવેશ માટે થશે મુશ્કેલીઓ

# મેડીકલ સહિતના ૪ કોર્સના બદલે ૬ કોર્સ માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ ફરજીયાત નીટ આપવી પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ધોરણ ૧૨ પછી મેડીકલ સહિતના ૪ કોર્સમાં પ્રવેશ માટે હાલમાં નીટ લેવામાં આવે છે. આગામી વરસે ૪ કોર્સ ઉપરાંત વધારાના ૨ કોર્સ ફીઝીયોથેરાપી અને ઓકયુપેશનલ થેરાપીમાં પણ નીટ ના આધારે જ પ્રવેશ ફાળવવામાં આવશે. આ માટે તાજેતરમાં નેશનલ કમિશન ફોર એલઆઈડ હેલ્થ કેર પ્રોફેશનલ દ્વારા નીટ લેનારી સંસ્થા નેશનલ ટેસ્ટીંગ એજન્સી ને આ માટેની ભલામણ કરાઈ છે. આમ હવે નીટ ના માધ્યમથી કુલ ૬ કોર્સ માં પ્રવેશ ફાળવવામાં આવશે.




નેશનલ ટેસ્ટીંગ એજન્સી (એનટીએ) દ્વારા વિવિધ એકઝામનુ સંચાલન કરવામાં આવે છે. ધોરણ ૧૨ સાયન્સ પછી મેડીકલ, ડેન્ટલ, હોમીયોપેથી અને આયુર્વેદ એમ ૪ કોર્સ માટે ખાસ નીટ એટલે કે નેશનલ એલીઝીબીલીટી એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવે છે. તાજેતરમાં નેશનલ કમિશન ફોર એલઆઈડ હેલ્થ કેર પ્રોફેશનલ દ્વારા નેશનલ ટેસ્ટીંગ એજન્સીને એક પત્ર લખવામાં આવ્યો છે. જેમાં એવી ભલામણ કરવામાં આવી છે કે હાલમાં મેડીકલ, ડેન્ટલ, હોમીયોપેથી અને આયુર્વેદ જેવા ૪ કોર્સમાં પ્રવેશ માટે નીટ લેવામાં આવે છે. તેમાં ૨ કોર્સ ફીઝીયોથેરાપી અને ઓકયુપેશનલ થેરાપીનો ઉમેરો કરવામાં આવે, એટલુ જ નહી ફીઝીયોથેરાપી કરવા માટે ધોરણ ૧૨ માં ફીઝીકસ, કેમેસ્ટ્રી કે બાયોલોજી (બોટની કે ઝુઓલોજી ) જેવા વિષયમાં ૫૦ ટકા એગ્રીગેટ માર્કસ જરૂરી છે. અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૦ ટકા માર્કસ જરૂરી છે. વિદ્યાર્થી જે તે વરસે નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા લેવામાં આવતી નીટ માં ઉપસ્થિત રહ્યો હોય તે જરૂરી છે. આ વિદ્યાર્થી નીટ માં કેટલા માર્કસ લાવે તે જરૂરી નથી. માત્ર નીટ આપી હશે તો પણ તેને માન્ય ગણવામાં આવશે. આ જ નિયમો ઓકયુપેશન પેરાપીમાં પ્રવેશ માટે લાગુ પડશે. આમ આ બંને કોર્સમાં નીટ ના આધારે પ્રવેશ ફાળવવામાં નહી આવે પરંતુ નીટ આપી હોય તે જરૂરી છે.

આ સિવાય પ્રવેશના ધારાધોરણો પણ જાહેર કરવામાં આવ્યા છે, આમ હવે મેડીકલ પ્રવેશ સમિતિએ મેડીકલ, આયુર્વેદ, હોમીયોપેથી અને ડેન્ટલની સાથે સાથે ફીઝીયોથેરાપી અને ઓકયુપેશનલ થેરાપી મળીને કુલ ૬ કોર્સ માટે પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. રાજયમાં હાલમાં ફીઝીયોથેરાપી અને ઓકયુપેશનલ થેરાપીની પ્રવેશ કાર્યવાહી પેરામેડીકલ પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવે છે. હવે પેરામેડીકલ કમિટી દ્વારા નર્સિંગ સહિતના બાકી રહેતા કોર્સ માટે જ કાર્યવાહી હાથ ધરાશે. નેશનલ કમિશન ફોર એલાઈડ હેલ્થકેર પ્રોફેસનલ દ્વારા ફીઝીયોથેરાપી અને ઓકયુપેશનલ થેરાપીમાં પ્રવેશ માટે નીટ લાગુ કરવાની સાથે સાથે ધોરણ ૧૨ માં ૫૦ ટકા માર્કસ ફરજીયાત કરવામાં આવ્યા છે. હાલમાં વિદ્યાર્થીએ નીટ આપી ન હોય અને ધોરણ ૧૨ માં ૫૦ ટકા ન હોય તો પણ કેટલીક કોલેજોમાં ફીઝીયોથેરાપીમાં પ્રવેશ મેળવીને અભ્યાસ કરી શકે છે. હવે પછી ફીઝીયોથેરાપીમાં પ્રવેશ માટે ધોરણ ૧૨ માં ૫૦ ટકા ફરજીયાત લાવવા પડશે. એટલુ જ નહી નીટ ની ફી ભરીને એન્ટ્રન્સ ટેસ્ટ પણ આપવી પડશે. સુત્રો કહે છે કે હાલની સ્થિતિમાં પણ ફીઝીયોથેરાપીને અનેક કોલેજોમાં બેઠક ખાલી પડી રહી છે. નવા નિયમ લાગુ કર્યા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓની મુશ્કેલી વધશે અને બેઠકો વધારે ખાલી પડશે.

# વડાપ્રધાન મોદી અને જર્મન ચાન્સેલરે સાબરમતી રીવરફ્રન્ટ ખાતે પતંગબાજી કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ







જર્મન ચાન્સેલર ફેડરીક મેર્ઝ અમદાવાદ પહોચ્યા હતા. તેમણે સાબરમતી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. નરેન્દ્ર મોદી અને મેર્ઝ એક જ કારમાં રવાના થયા હતા.

વડાપ્રધાન મોદીએ સાબરમતી રીવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનુ ઉદ્દ્ઘાટન કર્યુ હતું. આ પ્રસંગે બંને નેતાઓએ મહાત્મા ગાંધીની પ્રતિમા પર પુષ્પાંજલી અર્પણ કરી અને તેમને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલી આપી હતી. આ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો યોજાઈ હતી. જર્મનીના ચાન્સેલર બન્યા પછી મેર્ઝની આ એશિયાની પહેલી મુલાકાત હતી. તેમનો ઉદેશ વેપાર, રોકાણ, સંરક્ષણ અને મહત્વપૂર્ણ ટેકનોલોજીમાં સહયોગ વધારવાનો છે. વડાપ્રધાન મોદી વહેલી સવારે સાબરમતી આશ્રમ પહોચ્યા હતા, જયાં તેમણે પુનઃ વિકાસ પ્રોજેકટની સમિક્ષા કર્યા બાદ જર્મન ચાન્સેલરનુ સ્વાગત કર્યુ હતું.

વૈશ્વિક ભુરાજકીય તણાવ અને વેનેઝુએલાના રાષ્ટ્રપતિની ધરપકડ કરવા માટે અમેરીકા દ્વારા લશ્કરીબળનુ પ્રદર્શન વચ્ચે આ બેઠક મહત્વપૂર્ણ હોવાનુ માનવામાં આવે છે. બંને નેતાઓ યુક્રેનમાં શાંતિ અને વૈશ્વિક પડકારો પર પણ ચર્ચા કરી હતી. યુરોપીયન યુનિયનમાં જર્મની ભારતનુ સૌથી મોટુ વેપારી ભાગીદાર છે અને આ મુલાકાત દરમિયાન સબમરીન સોદા જેવા મુખ્ય સંરક્ષણ પ્રોજેકટને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યુ હતું.

અમદાવાદ જર્મન ચાન્સેલર મેર્ઝ નુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. તેઓ વડાપ્રધાન મોદી સાથે ઐતિહાસિક સાબરમતી આશ્રમની મુલાકાત પણ લીધી હતી. આ પછી તેઓ શહેરમાં આયોજીત પતંગ મહોત્સવમા ભાગ પણ લીધો હતો. કૌશલ્ય વિકાસ સંબંધીત કાર્યક્રમમાં પણ હાજરી આપી હતી. જર્મન ચાન્સેલરની મુલાકાતનો મુખ્ય મુદ્દો ૫ અબજ યુરોનો સબમરીન સોદો હોઈ શકે છે, ભારતીય નૌકાદળને ૬ સ્ટીલ્થ સબમરીન સપ્લાય કરવા માટે જર્મન કંપની થીસેનક્રુપ અને માઝાગોન ડોક વચ્ચે વાટો ઘાટો ચાલી હતી. તેને સૌથી મોટા મેક ઈન ઈન્ડીયા પ્રોજેકટમાંનો એક માનવામાં આવે છે.

ભારતીય માલ પર અમેરીકા દ્વારા ૫૦ ટકા ટેરીફ લાદવામાં આવી રહયો છે. જે વચ્ચે ભારત હવે યુરોપ, ખાસ કરીને જર્મનની સાથે તેના આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવા માગે છે. ભારત અને જર્મની વચ્ચેના સંબંધો ફકત વેપાર પુરતા મર્યાદીત નથી, બંને દેશો ભારત જર્મન ગ્રીન હાઈડ્રોઝન રોડ મેપ પર કામ કરી રહ્યા છે. ૨૦૨૪-૨૫ માં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર ૫૧.૨૩ બીલીયન સુધી પહોચવાનો અંદાજ છે. ચાન્સેલરની મુલાકાત એવા સમયે થઈ કે જયારે યુરોપીયન યુનિયનના ટોચના નેતાઓ પણ ભારતની મુલાકાત લેવાના છે. જયાં બહુ પ્રતિક્ષિત ભારત યુરોપીયન યુનિયન મુકત વેપાર કરાર ની જાહેરાત થવાની શકયતા છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ત્રિ દિવસીય ગુજરાત પ્રવાસ સંપન્ન કર્યા બાદ અપાઈ ભાવસભર વિદાય

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના ગુજરાતના ૩ દિવસના પ્રવાસને પુર્ણ કરી અમદાવાદ એરપોર્ટ ખાતેથી નવી દિલ્હી જવા રવાના થયા હતા. એરપોર્ટ પર વડાપ્રધાને રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત મહાનુભાવોએ ભાવસભર વિદાય આપી હતી, આ પ્રસંગે મુખ્યસચિવ એમ કે દાસ, રાજકીય અગ્રણી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદ મેયર પ્રતિભાબહેન જૈન, એર માર્શલ તેજેન્દ્રસિંઘ, અધિક મુખ્યસચિવ ડો. અંજુ શર્મા, રાજયના ઈન્ચાર્જ ડીજીપી કે એલ એન રાવ, અમદાવાદ પોલીસ કમિશ્નર જી એસ મલીક, ચીફ પ્રોટોકોલ ઓફીસર જવલંત ત્રિવેદી, અમદાવાદ જિલ્લા કલેકટર સુજીતકુમાર સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત મહાનુભાવોએ વડાપ્રધાનને ભાવસભર વિદાય આપી હતી.

# મનરેગા બચાવો આંદોલન પંચાયત, બ્લોક, જિલ્લા અને રાજય સ્તરે લડત લડવામાં આવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

## ગુજરાત કોંગ્રેસ દ્વારા ભાજપની ગરીબ વિરોધી વીબી ગ્રામ જી કાયદાની ઘોર નિંદ્રા કરે છે : આ ગ્રામિણ ગુજરાતના જીવન પર સીધો હુમલો છે



બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાજીવ ગાંધી ભવન પાલનપુર ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ મનરેગા બચાવો વિષયને લઈને પ્રેસ કોન્ફરન્સ યોજી હતી.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગુલાબસિંહ રાજપુતની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. રોજગારીનો અધિકાર આપતો મનરેગા કાયદામાં ખોટા ફેરફાર કરી નબળો પાડવાની ભાજપ સરકારની ભ્રષ્ટ નીતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ જણાવ્યુ હતુ કે સમગ્ર દેશમાં અને ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી કાયદો મનરેગાને સંપૂર્ણપણે નાબુદ કરવા માટેનુ કાવતરૂ છે. વીબી ગ્રામ જી કાયદાની કડક શબ્દોમાં નિંદા કરીએ છીએ. નવો કાયદાનો સુધારો ભારત દેશ અને ગુજરાતના ગ્રામીણ ગરીબો, ખેડુતો, ભુમીહીન મજુરો, મહિલા કામદારો, દલિત અને આદિવાસી સમુદાયો સાથે દગો છે. દુષ્કાળ , પુર, આદિવાસી વિસ્તાર, શ્રમિકો માટે આર્થિક મુશ્કેલીઓમાં મનરેગાને જીવનરેખા સમાન હતી. કોંગ્રેસે આ કાયદાના સુધારા વિરૂધ્ધ દેશવ્યાપી મનરેગા બચાવો કાર્યક્રમની ઘોષણા કરી છે. આ નવો કાયદો મનરેગાને ખતમ કરવાનુ કાવતરૂ છુ અને તેનો તાત્કાલીક પાછો ખેંચીને મનરેગાને અધિકાર આધારીત કાનુન તરીકે પુનઃ સ્થાપિત કરવો જોઈએ.

નવા કાયદામાં વીબી નો અર્થ વિકસિત ભારત નહી પરંતુ વિનાશ ભારત છે અને જી નો અર્થ કેન્દ્રીકરણની ગેરન્ટી છે, જેમાં રાજય સરકારનો સંમંત્તિ વિના ૬૦:૪૦ ફન્ડીંગ રેશીયો નકકી કરવો એ બંધારણના અનુચ્છેદ ૨૫૮ નું ઉલ્લંઘન છે અને આ કાયદાની વૈદ્યતાને ન્યાયાલયમાં પડકારવામાં આવશે. વધુમાં તેઓએ જણાવ્યુ હતુ કે મનરેગા ૨૦૦૫ માં સર્વસંમંતિથી પસાર થયો હતો જેનો ઠરાવ સ્થાયી સમિતિને મોકલવામાં આવ્યો હતો અને તે સમયે સમિતિના અધ્યક્ષ ભાજપના કલ્યાણસિંહ હતા. તેમની ભલામણો સ્વીકારી ને જ કાયદો અમલમાં મુકાયો હતો. પરંતુ બીજીપીએ તેને જ નાબુદ કરી દીધો છે. નવા કાયદા પ્રમાણે રોજગાર હવે અધિકાર નથી, સરકારની મરજી પર નિર્ભર થઈ ગયો છે. ગ્રામસભા અને પંચાયતોની સત્તા છીનવી લઈને બધો નિર્ણય દિલ્હીમાં કેન્દ્રીત કરી દીધો છે. પંચાયતો માત્ર કલાર્ક બની જશે. બજેટની મર્યાદા અને નોમેટીવ એલોકેશનને કારણે ફંડ ખતમ થતા કામ બંધ થઈ જશે. મોંઘવારી સાથે જોડાયેલી નિશ્ચિત મજુરી ખતમ કરી દીધી છે. વધુમાં તેઓએ જણાવ્યુ હતુ કે ખેતીની પાક સીઝનમાં ૬૦ દિવસ કામ નહી મળે, જયારે ગામડાઓમાં સૌથી વધુ મુશ્કેલીઓ ત્યારે સરકાર કામ આપવાથી ના પાડી શકશે, બાયોમેટ્રીકસને પારદર્શિતાના બદલે બહિષ્કારનુ હથિયાર બનાવવામાં આવ્યુ છે. જેથી ગરીબ અને ઓછા શિક્ષિત મજુરો રોજગાર થી વંચિત રહેશે. કેન્દ્રે મજુરીમાં ૧૦૦ ટકાથી ઘટાડીને ૬૦ ટકા કરી દીધી છે જેથી ગુજરાત સહિતના રાજયો પર ભારે આર્થિક બોઝ પડશે. મહાત્મા ગાંધીજીનુ નામ હટાવી મોટુ અપમાન કર્યુ છે. ભાજપે ૧૨૫ દિવસની ગેરન્ટીનો દાવો કર્યો છે પરંતુ ઓછા કેન્દ્રીય ભંડોળને કારણે વાસ્તવમાં ઓછા દિવસોનુ કામ મળશે. જેથી બેરોજગારી, પલાયન અને ગામડાની અર્થવ્યવસ્થા નબળી પડશે, મનરેગા બચાવો આંદોલન દિલ્હી કેન્દ્રીત નહી પરંતુ પંચાયત, બ્લોક, જીલ્લા અને રાજયસ્તરે લડવામાં આવશે. સમગ્ર દેશ અને ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ ગ્રામીણ જનતાની સાથે ખભે ખભો મીલાવીને લડીશુ, કોંગ્રેસ પક્ષની માંગ છે કે કામના અધિકાર અને પંચાયતી રાજનુ રક્ષણ કરવામાં આવે, મનરેગા એ દાન નથી, પરંતુ બંધારણીય અધિકાર છે. કોંગ્રેસ ગરીબો/ શ્રમિકો માટે મકકમતાથી કેન્દ્ર સરકારની નીતિ સામે લડીશુ, ગુજરાત માટે, ગ્રામીણ ભારત માટે અને ન્યાય માટે.

# ગત વરસના ૯૮ હજાર એમઓયુ પૈકી ૭૮ ટકા પ્રોજેકટ કમિશન્સ થઈ ચુકયા છેઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગઈકાલે રવિવારે મારવાડી કોલેજ ખાતે રીજીયન ગુજરાત વાઈબ્રન્ટના પ્રારંભે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જાણકારી સભર વકતવ્ય આપતા જણાવ્યુ હતુ કે તત્કાલીન મુખ્યમંત્રીના તથા વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક વિઝન સાથે વર્ષ ૨૦૦૩ માં વાઈબ્રન્ટ ગુજરાત સમિટ શરૂ કરાવીને ગુજરાતની ઉદ્યોગ સંભાવનાને વિશ્વ સમક્ષ મુકી હતી. મહાજન, પ્રજાજન અને પ્રશાસનના પ્રયાસો તેમજ શ્રેણીબધ્ધ વાઈબ્રન્ટ સમિટના કારણે ગુજરાત આજે દેશનુ ગ્રોથ એન્જીન અને રોકાણ માટે મોસ્ટ પ્રીફર્ડ રહીનેશન બન્યુ છે. વાઈબ્રન્ટ સમિટની છેલ્લા બે દાયકાની સફળતાના પરીણામે રાજયમાં છેલ્લા ૨૦ વરસોમાં રૂપીયા ૩.૫૭ લાખ કરોડનુ વિદેશી રાજયના સર્વાંગી વિકાસની ઝાંખી આપતા તેમણે કહ્યુ હતુ કે ગુજરાત આજે ગ્લોબલ ગેટવે ટુ ધ ફયુચર (ભવિષ્ય માટેનુ વૈશ્વિક દ્વાર) બન્યુ છે અને પ્રગતિના નવા બેન્ચ માર્ક સેટ કરી રહ્યુ છે. ઓટો સેકટર, સેમી કન્ડકટર, ફાઈન્સિયલ સર્વિસિસ, એઆઈ, ગ્રીન એનર્જી જેવા ઉભરતા અનેક ક્ષેત્રોમાં ગુજરાત આજે હબ બનવા તરફ જઈ રહ્યુ છે. વર્ષ ૨૦૨૪ ની વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ૯૮ હજાર જેટલા એમઓયુ થયાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ હતુ કે તેમાંથી ૨૫૫૦૦ એમઓયુ સૌરાષ્ટ્ર કચ્છના હતા, તેમાંથી ૭૮ ટકા પ્રોજેકટ કમિશન્સ થઈ ચુકયા છે. કચ્છ-સૌરાષ્ટ્રની વાઈબ્રન્ટ કોન્ફરન્સ અંગે તેમણે કહ્યુ હતુ કે આ પ્રદેશના ૧૨ જિલ્લાઓ રીન્યુએબલ એનર્જી, વલ્ડકલાસ પોર્ટ, શીપ બિલ્ડીંગ, એગ્રો પ્રોસેસીંગ, સિરામીક, કેમિકલ ફીશરીઝ અને બ્લ્યુ ઈકોનોમી વગેરે જેવા ક્ષેત્રોમાં રોકાણ માટેની સુદ્રઢ ઈકો સિસ્ટમ ધરાવે છે.

ગુજરાતમાં જિલ્લાઓ વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલ ની સંકલ્પના સાકાર કરે તે માટે રાજય સરકાર સ્ટેટ જીડીપીની જેમજ જિલ્લાના જીડીપીમાં વૃધ્ધિનો કનસેપ્ટ લાવી છે. જિલ્લાઓના વિકાસને નવી દિશા આપવા રાજયમાં ૬ રીજનલ ગ્રોથ હબ વિકસાવાઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ સ્વાભિમાન પર્વથી જન જનમાં આસ્થાની જયોત વધુ પ્રબળ બનાવી હોવાનુ પણ તેમણે ઉમેર્યુ હતું. ઉદ્યમશીલતાથી આત્મનિર્ભરતાને વેગ આપવા માટે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સનો પ્રારંભ કરાવવામાં આવી રહ્યો છે.

# મોરબીમાં આમ આદમી પાર્ટીની પરીવર્તન સભામાં ભારે હોબાળોઃ ગોપાલ ઈટાલીયાના આકરા પ્રહારો વચ્ચે સહ પ્રભારીની અટકાયત

પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબી શહેરમાં આમ આદમી પાર્ટી દ્વારા આયોજીત પરીવર્તન સભા ચર્ચાનુ કેન્દ્ર બની હતી.

એક તરફ પક્ષના નેતાઓએ સરકાર પર આકરા પ્રહારો કર્યા તો બીજી તરફ જુના વિવાદીત નિવેદનોને લઈને સભામાં ભારે હોબાળો મચ્યો હતો.

સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો અને આમ આદમી પાર્ટીના સહ પ્રભારી હિતુભા રાઠોડની અટકાયત કરવામાં આવી હતી. સભા દરમિયાન વાતાવરણ ત્યારે તંગ બન્યુ જયારે ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાના અગાઉના વિવાદીત નિવેદનોનો મુદ્દો ઉછળ્યો હતો, પોલીસને ટોમી તરીકે સંબોધવા અને કમરના પટ્ટા ગળામાં પહેરાવીશુ જેવા નિવેદનોને લઈને કાર્યકરો અને વિરોધ કરનારાઓ વચ્ચે ઘર્ષણ જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ હોબાળાને પગલે પોલીસે આમ આદમી પાર્ટીના સહ પ્રભારી હિતુભા રાઠોડને ડીટેઈન કર્યા હતા, હોબાળા વચ્ચે ગોપાલ ઈટાલીયાએ મંચ પરથી ભાજપ સરકાર અને તેના ધારાસભ્યો પર આકરા પ્રહારો કર્યા હતા. ઈટાલીયાએ દાવો કર્યો હતો કે ભાજપના જ ૨૦ થી વધુ ધારાસભ્યોએ મુખ્યમંત્રીને પત્ર લખી રજુઆત કરવી પડી છે. જે સાબિત કરે છે કે અધિકારીઓ પાસે ધારાસભ્યોનુ કંઈ ઉપજતુ નથી. તેમણે અરવિંદ લાડાણી, કિશોર કાનાણી અને કેતન ઈનામદાર સહિતના ધારાસભ્યોના નામ લઈને સરકારને ઘેરી હતી. તેમણે હાર્દિક પટેલના આંદોલન અને હડતાળ ના નિવેદન પર પણ નિશાન સાધ્યુ હતું. મોરબીમાં ગેસ અને કોલગેસ ના ગંભીર પ્રશ્નો હોવા છતાં જનતાની વાત સાંભળનાર કોઈ નથી. તેવો આક્ષેપ કર્યો હતો.તેમણે આક્ષેપ કર્યો હતો કે સિરામીક ઉદ્યોગોમાંથી જીએસટી વિભાગ લાખોનો હપ્તો લઈ જાય છે, જો ૫ હજાર વિઘામાં સિરામીક ઈન્ડસ્ટ્રીયલ એરીયા બને તો લોકો વધુ પગભર થઈ શકે. અમરેલીની પાયલ ગોટીના કેસનો ઉલ્લેખ કરતા ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે ખોટી ફરીયાદ દાખલ કરી જાહેરમાં સરઘસ કાઢી તમાશો બનાવવામાં આવ્યો અને ત્યારબાદ ચોપડામાંથી નામ કાઢી નાખવામાં આવ્યુ જે અન્યાય છે.




રવા રોડ પર યોજાયેલી આ પરીવર્તન સભામાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી સહિતના દિગ્ગજ નેતાઓ અને મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. હોબાળાને કારણે સભા સ્થળ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયુ હતું.